પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૪૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૧-૦૬-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-


આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## અમે ચૂંટણી જીતવા નહીં, લોકોનું ભલું કરવા આવ્યાં છીએ, ચૂંટણી તો લોકોના આશીર્વાદથી જીતીએ છીએ : નરેન્દ્ર મોદી



નવસારી,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ગણતરીના મહિનાઓ જ બાકી રહ્યા છે ત્યારે વડાપ્રધાનની ગુજરાતની યાત્રાઓ વધવા લાગી છે. આજે પીએમ મોદી નવસારીના ખુડવેલમાં જાહેરસભાને સંબોધી હતી અને અહીંથી જ નવસારી જિલ્લાનાં ૩૦૫૦ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ચૂંટણી આવી એટલે કામ થાય એવું નથી, આ ચુનૌતી છે, એક અઠવાડિયું એવું શોધી લાવો કે જ્યારે વિકાસનું કોઈ કામ ન કર્યું હોય. અમારા માટે સત્તામાં બેસવું એ સેવાનો અવસર છે.ભૂતકાળમાં આ તમારા આદિવાસી વિસ્તારમાં એક મુખ્યપ્રધાન હતા, તેમના વિસ્તારમાં પાણીની ટાંકી ન હતી, તેઓ હેન્ડપંપ લગાવે અને ૧૨ મહિને બગડી જતો હતો, હું મુખ્યમંત્રી તરીકે આવ્યો અને અમે તેમના ગામમાં પાણીની ટાંકી બનાવી અહીં હું થેલો લગાવીને આવતો, મને ભૂખ્યા રહેવાની નોબત નહોતી આવી, તમારા પ્રેમ અને આશીર્વાદ મળ્યા, આદિવાસી વિસ્તારમાં કામ કરવાનો મોકો મળ્યો, એનાથી વધુ તેમની પાસેથી શીખવા મળ્યું, તેઓ પર્યાવરણની રક્ષા કરનારો સમાજ છે. ડાંગે નેચરલ ફાર્મિંગમાં જે કમાલ કરી છે એ માટે તેમને અભિનંદન આપું છું. મારા સમયે વિજ્ઞાન પ્રવાહની શાળાઓ શરૂ કરાઈ હતી, આદિવાસીના દીકરાએ ડોક્ટર બનવા અંગ્રેજી ભણવાની જરૂર નથી

પોતાની જૂની યાદો વાગોળતા તેમણે કહ્યુ કે, લાંબા સમય બાદ ચીખલી આવ્યો છું. જૂની યાદો તાજી થઈ છે. એ દિવસે મારી પાસે અહી આવવા કોઈ સાધન ન હતું. બસમાંથી ઉતરીને ખભે થેલો લટકાવીને આવતો હતો. અહી અનેક વર્ષો રહ્યો, પણ મને ક્યારેય ભૂખ્યા રહેવાની નોબત નથી આવી. તમારા આર્શીવાદ એ મારી શક્તિ છે. આદિવાસી બહેનો વચ્ચે કામ કરવાના અવસર મળ્યા. તેના કરતા વધુ તેમની પાસેથી હુ શીખ્યો. સુઘળતા, સ્વચ્છતા, અનુશાસન...અહી આદિવાસીઓ એક લાઈનમાં એકબીજાની પાછળ ચાલતા હોય છે. આ તેમની જીવન રચના છે. આદિવાસી સમાજ સામુદાયિક જીવન, પર્યાવરણને રક્ષા કરનારો સમાજ છે.

વડાપ્રધાને અગાઉના તેમના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાનનો કિસ્સો ટાંકતાં જણાવ્યું હતું કે, ભૂતકાળમાં આ જ વિસ્તારના એક એવા મુખ્યમંત્રી હતા, જેમના પોતાના ગામમાં પાણીની ટાંકી ન હતી. હેન્ડપંપ લગાવે તો બાર મહિને બગડી જાય. હું આવ્યો અને તેમના ગામમાં મેં ટાંકી બનાવી. એક જમાનામાં ગુજરાતના મુખ્યમંત્રીએ જામનગરમાં પાણીની ટાંકીનું ઉદઘાટન કર્યુ હતું, અને ગુજરાતના છાપામાં પહેલા પાના પર મોટા સમાચાર છપાયા હતા. એ દિવસો ગુજરાતે જોયા છે. આજે મને ગર્વ થાય છે કે હુ આદિવાસી વિસ્તારમાં ૩૦૦૦ કરોડના કામનું ઉદઘાટન કરુ છું. મને સરકારમાં ૨૨ થી વધુ વર્ષ થયા, પણ એક અઠવાડિયુ બતાવો કે મેં વિકાસનુ કોઈ કામ ન કર્યુ હોય. ૨૦૧૮ માં હુ આવ્યો હતો ત્યારે લોકોએ કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણી માટે આંબા આંબલી બતાવે છે. આજે તેઓ ખોટા પડ્યા છે. નેવા અને મોભા વચ્ચે ૩-૪ ફૂટનો ઢાળ હોય છે. આ તો ૨૦૦ માળનો પહાડ ચઢીને તળિયેથી પાણી ઉંચકીને ટોચ પર લઈ જવાનું. અમે ચૂંટણી માટે નહિ પણ ભલુ કરવા માટે નીકળ્યા છીએ. ચૂંટણી તો અમને લોકો જીતાડતા હોય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત ગૌરવ સભા સંબોધતા જણાવ્યું હતું કે, અહીંના લોકોનુ જીવન પાણીદાર બનાવવું છે. આપણા બાપ-દાદાએ પાણી વગર મુસીબતમાં જીવન પસાર કર્યુ છે. હવે મારે નવી પેઢીને આવી રીતે જીવવા નથી દેવા. તેમની જિંદગી સુખેથી નીકળવી જોઈએ. ઉમરગામથી આગળમાં આદિવાસી, ઓબીસી સમાજ રહે. અહી પણ તેજસ્વી બાળકો પેદા થતા હોય છે. ત્યા એક પણ વિજ્ઞાનની શાળા ન હતી. આજે આદિવાસી વિસ્તારમાં વિજ્ઞાન શાળાથી મેં શરૂ કરેલુ કામ મેડિકલ કોલેજો સુધી પહોંચ્યુ છે. પ્રગતિ કરવી હોય તો જંગલમાં પણ જવુ પડ્યુ છે. લાખો લોકોનુ જીવન બદલવાનો અમારો નેમ છે. ડાંગ જિલ્લાએ કુદરતી ખેતી માટે જે બીડુ ઉપાડ્યું છે તેના માટે અભિનંદન આપુ છું. આદિવાસી-પછાત-હળપતિના દીકરાએ હવે ડોક્ટર થવુ હોય તો, હવે અંગ્રેજી ભણવાની જરૂર નથી. હવે અમે માતૃભાષામાં તેમને ડોક્ટર બનાવીએ છીએ. અબ્દુલ કલામે પણ આદિવાસીઓના વાડી પ્રોજેક્ટના ભરપેટ વખાણ કર્યા હતા. વિકાસ સર્વસ્પર્શી હોય એ દિશામાં અમે કામ કરી રહ્યાં છીએ. આજનુ દ્રશ્ય જ તમારી માટે કામ કરવાની તાકાત આપે છે. આ તાકાતથી ગુજરાત અને હિન્દુસ્તાનને આગળ લઈ જવાનું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણ ઘરઆંગણે સરકારે આપ્યું છે, દર વર્ષે અંદાજે ૧૬ લાખ આદિજાતિ વિદ્યાર્થીઓને પ્રીમેટ્રિક પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ બેંક ખાતામાં આપવામાં આવે છે. ઈન્વેન્ટરી યોજનામાં ૨૦૦૦થી વધુ પ્રાથમિક શાળાના ૧૮ જેટલા ક્લાસરૂમ પ્રોજેક્ટ છે અને વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી શકે અને તેને મુશ્કેલી ન પડે એ પણ સુનિશ્ચિત કર્યું છે. વડાપ્રધાન ગુજરાત ગૌરવ ઉદ્યાનમાં આપનું માર્ગદર્શન કરવા પધાર્યા છે ત્યારે ગુજરાતને પ્રાકૃતિક ખેતીમાં વધુ ઊંચાઈએ લઈ જવા આપણે તેમને ખાતરી આપીએ છીએ. ડાંગ સો ટકા પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો બન્યો છે, એમાંથી પ્રેરણા લઈ સમગ્ર રાજ્યના લોકોનો વિશ્વાસ અને ધરતીમાતાની ગુણવત્તા સુધારવા અન્ય વિસ્તારો પણ આ પ્રાકૃતિક ખેતી અપનાવે એવો સંકલ્પ આપણે કરીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આજે શિક્ષણ સ્વાસ્થ્ય અને સુખાકારીનાં કામોના વિકાસ ગુજરાતની આત્મનિર્ભર અને નવી દિશા આપણને આપશે.સીઆર પાટીલે જણાવ્યું હતું કે વડાપ્રધાનને દરેક વ્યક્તિની ચિંતા કરી છે. કોરોનાકાળમાં એકપણ વ્યક્તિ ભૂખે સૂતી નથી. વડાપ્રધાને દરેકને મફતમાં કોરોના વેક્સિન આપી છે. વડાપ્રધાને જનતાને ઘણી યોજનાઓ લોકોને આપી છે.

ચીખલીમાં ગુજરાત ગૌરવ અભિયાન કાર્યક્રમમાં પીએમ મોદી મોદીએ જણાવ્યું કે, 'પટેલ અને પાટીલની જોડીએ એ કરી બતાવ્યું જે હું ન કરી શક્યો. આજે મને એ વાતનું ગૌરવ છે કે, ગુજરાત છોડ્યા પછી જે લોકોએ ગુજરાતને સંભાળવાની જવાબદારી લીધી અને આજે ભૂપેન્દ્રભાઈ અને સી.આર.પાટીલની જોડી જે ઉમંગ અને ઉત્સાહ સાથે નવો આત્મવિશ્વાસ જગાવી રહી છે, તેનું જ પરિણામ છે કે, મારી સામે ૫ લાખ લોકોનો વિશાળ સમૂહ ઉપસ્થિત છે.'

## રાષ્ટ્રપતિ પદના ઉમેદવારના નામને લઈને વિપક્ષો દળોમાં સહમતિ બનાવવાનો પ્રયત્ન કોંગ્રેસ કરશે

નવીદિલ્હી,

ચૂંટણી પંચે રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે તારીખોની જાહેરાત કરી દીધી છે. ટૂંક સમયમાં સત્તાપક્ષ એટલે કે એનડીએ દ્વારા રાષ્ટ્રપતિ પદના ઉમેદવારની જાહેરાત કરવામાં આવશે. પરંતુ પ્રશ્ન એ છે કે શું વિપક્ષી દળ પણ રાષ્ટ્રપતિના ઉમેદવાર ઉતારશે અથવા એનડીએના ઉમેદવાર પર જ સર્વ સહમતિ બનશે.

કોંગ્રેસ પાર્ટીના એક સિનિયર નેતાના અનુસાર પાર્ટી રાષ્ટ્રપતિ પદના ઉમેદવારના નામને લઈને વિપક્ષો દળોમાં સહમતિ બનાવવાનો પ્રયત્ન કરશે. કોંગ્રેસ નેતાના અનુસાર ઉમેદવાર કોંગ્રેસનો હશે અથવા ટીએમસીનો. સૂત્રોના અનુસાર કોંગ્રેસ પાર્ટીમાં રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર માટે ગુલાબ નબી આઝાદના નામ પર પાર્ટીના પ્લેટફોર્મ પર ચર્ચા થઈ ચૂકી છે. પાર્ટીના નેતાઓનું માનવું છે કે ગુલાબ નબી આઝાદના નામ પર વિપક્ષી દળોમાં સામાન્ય સહમતિ બનવી સરળ રહેશે. આઝાદ લાંબા સમય સુધી રાજ્યસભામાં વિપક્ષના નેતા રહી ચૂક્યા છે અને તેમના વિપક્ષી નેતાઓ સાથે સારા સંબંધ છે. પરંતુ હજુ સુધી આ નામ ફાઈનલ થયું નથી.

જો કોંગ્રેસના નામ પર વિપક્ષી દળોમાં સહમતિ બનતી નથી તો ટીએમસીમાંથી પણ વિપક્ષી ઉમેદવારોના નામ આવી શકે છે. જો તે નામ પર બાકી વિપક્ષી દળોની સહમતિ બને છે તો કોંગ્રેસ પાર્ટી પણ તેનું સમર્થન કરી શકે છે. કોંગ્રેસ પાર્ટીને એવું લાગે છે કે આવી સ્થિતિમાં વિપક્ષ મજબૂતી સાથે રાષ્ટ્રપતિ પદની ચૂંટણી લડશે. કોંગ્રેસના એક સિનિયર નેતાનો દાવો છે કે એનડીએ પાસે ૪૮.૫ ટકા વોટ છે જ્યારે બિન એનડીએ પક્ષોની વોટની સંખ્યા ૫૧.૫ ટકા છે.

ફક્ત યુપીએના પક્ષોના વોટ લગભગ ૨૪ થી ૨૫ ટકા છે. તમામ વિપક્ષી દળોને ભેગા કરીએ તો પણ લગભગ ૪૭ ટકા સુધી પહોંચે છે. કોંગ્રેસના નેતાના અનુસાર બધુ જ BJD અને YSR Congress ના વલણ પર નિર્ભર કરશે. કારણ કે આ બંને દળોના વોટ લગભગ ૪% છે. જોકે વિપક્ષી દળોને એકસાથે રહી જશે તો તેમની જીત થઈ શકે છે અને જો તે વોટ એનડીએને મળી જાય તો તેના ઉમેદવારની જીત નક્કી છે. આમ તો કોંગ્રેસના નેતાને BJD અને YSR પાસે સમર્થનની આશા નહીવત છે કારણ કે બંને નેતાઓએ તાજેતરમાં જ પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી છે. હવે એવામાં કોંગ્રેસ પાર્ટી વિપક્ષી દળો સાથે વાત કરીને એક એવા ઉમેદવારને ઉતારવા માંગે છે. જેના નામ પર એકમત હોય અને જે સત્તાપક્ષના ઉમેદવારને આકરી ટક્કર આપી શકે.

## પયગંબર મોહમ્મદ અંગેના નિવેદનને લઈને નૂપુર શર્માનો વિરોધ, જુમ્માની નમાજ બાદ દેશભરમાં અનેક સ્થળે પથ્થરમારો



નવીદિલ્હી,

દિલ્હીની જામા મસ્જિદમાં પયગંબર મોહમ્મદ અંગેના નિવેદનને લઈને નૂપુર શર્માનો વિરોધ કરવામાં આવ્યો હતો. મુસ્લિમ સમાજના લોકો શુક્રવારની નમાજ અદા કર્યા બાદ મોટી સંખ્યામાં બેનરો અને પોસ્ટર લઈને પહોંચ્યા હતા. જેમાં નુપુર શર્મા અને નવીન જિંદાલની તસવીરો લગાવામાં આવી હતી અને પ્રદર્શનકારીઓ નુપુર શર્મા અને નવીન જિંદાલ સામે કાર્યવાહીની માંગ કરી હતી.

જામા મસ્જિદના શાહી ઈમામે કહ્યું હતું કે, તેમણે ખબર નહોતી કે જામા મસ્જિદની બહાર આવી રીતે કોઈ પ્રદર્શન થઈ શકે છે. જોકે, આટલા મોટા પ્રદર્શનની કોઈપણ અપેક્ષા નહોતી. આ પ્રદર્શન બાદ દિલ્હી પોલીસ સતર્ક થઈ ગઈ હતી અને પ્રદર્શનકારીઓને સમજાવીને ઘરે મોકલવાના પ્રયાસો કરતા નજરે પડી રહ્યાં હતાં.

આજે શુક્રવારની નમાજ બાદ દેશના અનેક શહેરોમાં નૂપુર શર્મા વિરુદ્ધ ઉગ્ર વિરોધ પ્રદર્શનો થયા હતા. આ દરમિયાન પોલીસે ભીડને કાબૂમાં લેવા માટે ઘણી મહેનત કરવી પડી હતી. દિલ્હીની જામા મસ્જિદથી લઈને કોલકાતા અને યુપીના ઘણા શહેરોમાં નૂપુર શર્મા અને નવીન જિંદાલ વિરુદ્ધ ઉગ્ર વિરોધ પ્રદર્શનો થયા હતા. યુપીની રાજધાની લખનૌ ઉપરાંત દેવબંદ, પ્રયાગરાજ અને સહારનપુરમાં નૂપુરની ધરપકડની માંગને લઈને ભારે હોબાળો થયો હતો. પોલીસે દેવબંદમાં પ્રદર્શનકારીઓની અટકાયત કરી છે.

જામા મસ્જિદ ખાતે દેખાવકારોએ નુપુર શર્મા અને નવીન જિંદાલ સામે કાર્યવાહીની માંગ કરી હતી. આ સાથે લોકોએ જોરદાર સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. જો કે પોલીસનું કહેવું છે કે હાલ સ્થિતિ કાબુમાં છે. જામા મસ્જિદના શાહી ઈમામનું કહેવું છે કે તેઓ આ વિરોધ અંગે કંઈ જાણતા નથી. તેમજ મસ્જિદ દ્વારા કોઈ વિરોધ પણ બોલાવવામાં આવ્યો ન હતો. જામા મસ્જિદના શાહી ઈમામે કહ્યું, તેમને ખબર ન હતી કે જામા મસ્જિદની બહાર આ પ્રકારનું પ્રદર્શન થવાનું છે. તેમ જ જામા મસ્જિદ દ્વારા વિરોધ બોલાવવામાં આવ્યો ન હતો, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું, કેટલાક લોકોએ જામા મસ્જિદ ચોક એટલે કે ગેટ નંબર એક પર નારા લગાવવાનું શરૂ કર્યું. કોણ છે આ લોકો, પોલીસ શોધી કાઢશે. પોલીસને ખબર પડશે કે આ લોકો કોણ છે અને કોણે આ સૂત્રોચ્ચાર કર્યા છે. કોઈ જાણતું ન હતું, મને લાગે છે કે પોલીસને પણ ખબર નહોતી કે પ્રદર્શન થવાનું છે. શુક્રવારની નમાજ બાદ યુપીના લખનૌ, પ્રયાગરાજ, સહારનપુર અને દેવબંદમાં નુપુર શર્મા વિરુદ્ધ વિરોધ પ્રદર્શન થયા હતા. આ દરમિયાન ભારે સૂત્રોચ્ચાર પણ થયો હતો. દેવબંદમાં પોલીસે કેટલાક લોકોને કસ્ટડીમાં પણ લીધા છે. લોકોને કાબૂમાં લેવા માટે પોલીસને ઘણી મહેનત કરવી પડી હતી.

જ્ઞાનવાપીમાંથી 'શિવલિંગ' મળી આવવાના મુદ્દે એક ટીવી ન્યૂઝ ચેનલમાં ચાલતી ડીબેટ વખતે ભાજપ પ્રવક્તા નુપુર શર્માએ પયગંબર મોહમ્મદ વિરુદ્ધ અપમાનજનક ટીપ્પણી કરતાં દેશભરમાં મુસ્લિમ જૂથો દ્વારા વિરોધ કરાયો હતો. નુપુર શર્માની ધરપકડની માગણી કરતાં કાનપુરમાં શુક્રવારે હિંસક રમખાણો પણ ફાટી નિકળ્યા હતા. બીજીબાજુ ભાજપના દિલ્હી મીડિયાના વડા નવીનકુમાર જિંદાલે પણ પયગંબર મોહમ્મદ વિરુદ્ધ ટ્વીટ કરતાં તેમના વિરુદ્ધ પણ મુસ્લિમોમાં આક્રોશ ફેલાયો હતો.

## ભાજપના કાર્યક્રમમાં પોલીસનું સન્માન જળવાતું નથી : કોંગ્રેસ



અમદાવાદ,

ભાજપના નેતાઓ જાહેર કાર્યક્રમોમાં પોલીસનું અપમાન કરતા હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે. ડાંગ જિલ્લામાં યોજાયેલા સરકારી કાર્યક્રમમાં પોલીસ કર્મી પૂર્વ કેબિનેટ મંત્રી ગણપતસિંહ વસાવાની બાજુમાં ટ્રે લઈને ઉભેલા દેખાય છે. આ ફોટો સોશ્યલ મીડિયામાં વાઈરલ થયો છે. ભાજપ નેતાઓ પોલીસને પોતાના ખીસ્સામાં રાખતા હોવાના આક્ષેપ કોંગ્રેસે કર્યો હતો. ઉપરાંત ભાજપ સરકારી કર્મચારીઓને પક્ષના કાર્યક્રમમાં જોતરીને તેમનું અપમાન કરતાં હોવાનું પણ ચર્ચાયું છે.

આ બાબતે કોંગ્રેસ પ્રવક્તા ડો.મનિષ દોશીએ જણાવ્યું હતું કે ડાંગ જિલ્લામાં ગાયગોઠણ ગામે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. પૂર્વ કેબીનેટમંત્રી ગણપતસિંહ વસાવા કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં. પોલીસ કર્મી ખાખીની મર્યાદા નેવે મુકીને નેતાઓની સેવામાં જોતરાય છે.

## ભીષણ હીટવેવમાં ૧૫ જૂન સુધી રાહત નહીં મળે : હવામાન વિભાગ

નવીદિલ્હી,

દિલ્હી-એનસીઆર અને ઉત્તરપશ્ચિમ ભારતમાં મહત્તમ તાપમાનમાં વીકએન્ડમાં થોડો ઘટાડો થઈ થશે, પરંતુ ભીષણ ગરમીમાં ૧૫ જુન સુધી મોટી રાહત ન મળવાની શક્યતા છે. હવામાન વિભાગે ગુરુવારે જણાવ્યું હતું કે ભેજવાળા પૂર્વીય પવનોથી ૧૬ જૂન પછીથી નોંધપાત્ર રાહત મળશે. હાલની હીટવેવ એપ્રિલ અને મેની હીટવેવની તુલનાઓ ઓછી તીવ્ર છે, પરંતુ લગભગ તમામ વિસ્તારોને સમાન અસર થઈ છે. ૧૨ જૂનથી મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઓડિસામાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટીની આગાહી છે, પરંતુ ઉત્તર રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તરપ્રદેશ અને ઉત્તર મધ્યપ્રદેશમાં ૧૫ જૂન સુધી સામાન્ય કરતાં ઊંચું તાપમાન રહેશે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે દિલ્હી-એનસીઆર સહિતના ઉ.પશ્ચિમ ભારતના કેટલાંક વિસ્તારોમાં ૧૧-૧૨ જૂને થોડી રાહતની ધારણા છે. વીકએન્ડમાં વાદળછાયું વાતાવરણ રહેશે, પરંતુ વરસાદની શક્યતા નથી. તાપમાન ૧૫ જૂન સુધીમાં ૪૦થી ૪૩ ડિગ્રી સેલ્શિયસની વચ્ચે તાપમાન રહેવાની શક્યતા છે. આ વિસ્તારોમાં ૧૬ જૂન પછીથી ભેજવાળા પૂર્વીય પવનોને કારણે ગાજવીજ અને વરસાદ આવી શકે છે. દિલ્હી-એનસીઆર અને ઉત્તરપશ્ચિમ ભારતમાં ચોમાસું નિયત સમયે આવશે કે નહીં તેવા પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે હાલમાં કંઈ કહેવાનું વહેલું ગણાશે. ચોમાસુ રાબેતા મુજબ આગળ વધી રહ્યું છે અને આગામી બે દિવસમાં મહારાષ્ટ્રમાં આવી પહોંચવાની અને તે પછીના બે દિવસમાં મુંબઈમાં વરસાદની ધારણા છે. હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક આર કે જેનામણિએ જણાવ્યું હતું કે ચોમાસાની પ્રગતિમાં કોઈ વિલંબ થયો નથી. તે આગામી બે દિવસમાં મહારાષ્ટ્રમાં આવી પહોંચશે. અમારી પાસે આગામી બે દિવસ માટે ચોમાસાના મજબૂત ડેટા છે. ભારે પવનો છે અને વાદળો બની રહ્યાં છે. આગામી બે દિવસમાં ગોવા તથા મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તમિલનાડુના વધુ વિસ્તારોમાં ચોમાસાની પ્રગતિ માટે સાનુકૂળ હવામાન છે.

## હવે ફિચે પણ ભારતનો આર્થિક વિકાસ દર ઘટાડીને ૭.૮ ટકા કર્યું

નવીદિલ્હી,

તમામ રેટિંગ એજન્સીઓ ૨૦૨૨-૨૩ માટે ભારતના આર્થિક વિકાસ દરના અંદાજમાં ઘટાડો કરી રહી છે. હવે રેટિંગ એજન્સી ફિચે પણ ૨૦૨૨-૨૩માં ભારતના આર્થિક વિકાસ દરનું અનુમાન ૮.૫ ટકાથી ઘટાડીને ૭.૮ ટકા કર્યું છે.રેટિંગ એજન્સીઓ સહિતની સંસ્થાઓએ વધતી જતી ફુગાવા, સપ્લાય ચેઈનમાં વિક્ષેપ અને વૈશ્વિક તણાવને કારણે ભારતના આર્થિક વિકાસ દરના અંદાજમાં ઘટાડો કર્યો છે.

એક પછી એક તમામ રેટિંગ એજન્સીઓ ૨૦૨૨-૨૩ માટે ભારતના આર્થિક વિકાસ દરના અંદાજમાં ઘટાડો કરી રહી છે. હવે રેટિંગ એજન્સી ફિચ રેટિંગ્સે પણ ૨૦૨૨-૨૩માં ભારતની આર્થિક વૃદ્ધિનું અનુમાન ૮.૫ ટકાથી ઘટાડીને ૭.૮ ટકા કર્યું છે. આ પહેલા વર્લ્ડ બેંકે પણ ૨૦૨૨-૨૩માં ભારતના આર્થિક વિકાસ દરના અંદાજમાં ઘટાડો કર્યો હતો. વિશ્વ બેંકના જણાવ્યા અનુસાર ચાલુ નાણાકીય વર્ષમાં આર્થિક વિકાસ દર ૭.૫ ટકા રહી શકે છે. અગાઉ તેણે ૮.૭ ટકા વૃદ્ધિ દરનો અંદાજ મૂક્યો હતો. એટલે કે વિશ્વ બેંકે તેના અંદાજમાં ૧.૨ ટકાનો ઘટાડો કર્યો છે.

## લદ્દાખમાં ચીનના નિર્માણને લઈને સરકાર દેશ સાથે દગો કરી રહી છે : રાહુલ ગાંધી

નવીદિલ્હી,

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ ફરી એકવાર લદ્દાખ બોર્ડર પર ચીનના બાંધકામને લઈને કેન્દ્રની મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને લખ્યું-'ચીન ભવિષ્યની કાર્યવાહી માટે પાયો બનાવી રહ્યું છે, આને અવગણીને સરકાર ભારતને દગો કરી રહી છે.' જણાવી દઈએ કે રાહુલ ગાંધી પહેલા અમેરિકાના જનરલે લદ્દાખ બોર્ડર પર ચાલી રહેલા ચીનના નિર્માણને લઈને મોટું નિવેદન આપ્યું હતું. યુએસ જનરલ ચાર્લ્સ એ. ફ્લિને લદ્દાખ સરહદ પર ચીની બાંધકામને ચીનનો 'સંબંધોને અસ્થિર અને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ' ગણાવ્યો હતો. અમેરિકન જનરલ હિમાલય વિસ્તારમાં ચીન દ્વારા કરવામાં આવી રહેલા બાંધકામની વાત કરી રહ્યા હતા.

યુએસ જનરલે કહ્યું, 'મને લાગે છે કે (ચીની આર્મીના) વેસ્ટર્ન થિયેટર કમાન્ડમાં જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવી રહ્યું છે તે ચિંતાજનક છે.' ચીની સેનાની વેસ્ટર્ન થિયેટર કમાન્ડ ભારતની સરહદે છે. તેમણે કહ્યું કે ચીનનું 'અસ્થિર અને દબાણયુક્ત' વર્તન તેને મદદ કરશે નહીં. અમેરિકન જનરલે કહ્યું હતું કે, ચીન અંદરની તરફ રોડ નિર્માણમાં સતત વધારો કરી રહ્યું છે. આ અસ્થિર અને હાનિકારક વર્તન છે. તે આ ક્ષેત્રમાં મદદ કરશે નહીં. રાહુલ ગાંધીના નિવેદને ફરી એકવાર લદ્દાખમાં ચીનના નિર્માણ પર ઘણા પ્રશ્નો ઉભા કર્યા છે. ગયા મહિને, તે બહાર આવ્યું હતું કે ચીન પૂર્વી લદ્દાખમાં વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ પેંગોંગ તળાવની આસપાસ તેના કબજા હેઠળના વિસ્તારમાં બીજો પુલ બનાવી રહ્યું છે જેથી સેનાને તેના સૈનિકોને ઝડપથી આ ક્ષેત્રમાં ખસેડવામાં મદદ મળી શકે. ચીન ભારત સાથેના સરહદી વિસ્તારોમાં રસ્તાઓ અને રહેણાંક વિસ્તારો જેવી અન્ય માળખાકીય સુવિધાઓ પણ સ્થાપિત કરી રહ્યું છે. ચીનનો વિયેતનામ અને જાપાન જેવા ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના વિવિધ દેશો સાથે દરિયાઈ સીમા વિવાદ છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ધી ધાનપુર વિ.મો.ક.ખે. વિ.વિ.સ.મં.લી.
તરફથી અભીનંદન....
મુ. ખાલતાગરબડી શાખા-ખાલતાગરબડી, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ધી આગાસવાણી લેમ્પસ મંડળી
તરફથી અભીનંદન....
મુ. પટેલ ફળીયું-પાવ, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
મોહનીયા અભેસિંહ વસાભાઈ
તરફથી અભીનંદન....
મુ. સરપંચ ફળીયું-ઉંડાર, તા. ધાનપુર, જી. દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સુલીયાત-સંતરામપુર રોડ ઉપર ભેપાદેડી ગામ પાસેના રોડ ખખડધજ બનતા અકસ્માતનો ભય


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સુલિયાતથી સંતરામપુર રોડ પર આવતું રમણિય સ્થળ ભેપાદેડી (વાંદરીયા) ત્યાં પૂલ પરનું સ્થળ છે. જ્યાં અવાર નવાર આવતા જતાં કોઈપણ પ્રવાસી તથા સ્થાનિક ઉભા રહી પહાડ પાણી પ્રકૃતિ સૌંદર્ય કુદરતની કરામત જોવા આ સ્થળ પર ઉભા રહી જતાં હોય છે. ત્યાં રસ્તો સાવ ભંગાર થઈ ગયો છે, વચ્ચે આખા રોડમાં ખાડા જ ખાડા છે. એકબીજાં સામ સામે અથડાઈ જાય તથા ખાડાને ટાળવા જાય તો સાઈડમાં એકવેંત વેંત ઝીણી ગ્રીટ છે. સ્પીડમાં બાઈક વાળા મોત સિવાય કંઈ મળે એમ નથી, નાના મોટા ખાડા તો ઠેર ઠેર છે પણ આ જગ્યાએ વરસાદ પડતાની સાથે ઘણાનાં જીવ લેશે એવું ચોખ્ખે ચોખ્ખું દેખાય છે એક બે દિવસમાં તંત્રને જાણ કરીએ બતાવીએ જો મનુષ્ય પ્રત્યે લાગણી હશે કદાચ સમારકામ કે નવિન કામ કરી કોઈનો જીવ બચાવશે કેમ કે લોકોનાં જીવ તંત્રનાં હાથમાં છે. જીવડાવવા કે મારવા એમની મરજી...... મોતનાં ખાડાને પૂરવા જરૂરી છે. સંતરામપુર થી સુલિયાત સુધીનો રોડ અકસ્માતનો જોન બન્યો આજ રોડ ઉપર સંખ્યાબંધ વાહનચાલકોને જીવના જોખમે પસાર થતા હોય છે. રસ્તાની હાલત એટલી પરિસ્થિતિ ખરાબ છે કે અવાર નવાર અકસ્માતો પણ સર્જાતા હોય છે. મોટા મોટા ખાડા પડી જવાના કારણે વાહન ચાલકોની પોતાની અને વાહનોની મોટા પાયે નુક્સાન થવાની ભય સેવાય રહ્યો છે વહેલી તકે મરામત કરવામાં આવે વાહનચાલકો ઈચ્છી રહ્યા છે.

# વેજલપુર મુસ્લિમ ઘાંચી પંચ અને સામાજિક કાર્યકરો દ્વારા નૂપુર શર્મા નવીન જીદ્દાલ સામે કાનૂની કાર્યવાહી કરવા મામલતદારને આવેદનપત્ર આપ્યું


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,
હાલ સમગ્ર વિશ્વમાં અને શહેરોમાં અને ગામોમાં નૂપુર શર્મા અને નવીન જીદ્દાલ સામે કાનૂની કાર્યવાહી કરવા માંગ ઈસ્લામના મહાન પયગંબર મુહંમદ સ.અ.વ.વિશે અભદ્ર ટિપ્પણીઓ કરતા કાલોલ તાલુકાના વેજલપુર ગામના મુસ્લિમ ઘાંચી પંચ અને સામાજિક કાર્યકરો દ્વારા આજ રોજ કાલોલ મામલતદારને આવેદનપત્ર પાઠવીને જણાવેલ કે ૨૬/૫/૨૦૨૨ ના રોજ ટાઈમ્સ નાવ ટીવી ચેનલ પર ડિબેટ દરમિયાન ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા નૂપુર શર્મા એ ઈસ્લામના મહાન પયગંબર મુહંમદ સ.અ.વ. વિશે અશોભનીય અને અભદ્ર ટિપ્પણી કરી છે. તેનાથી ભારતજ નહીં સમગ્ર વિશ્વના મુસ્લિમોની લાગણી દુભાઈ છે અને વિશ્વમાં છબી ખરડાઈ છે. એટલુંજ નહિ સ્વતંત્રતા પછી વૈશ્વિક કક્ષાએ દેશના ગૌરવ અને આત્મા સમ્માન સામે સૌથી મોટો પ્રશ્ન ઊભો થયો છે અને આપના દેશના બંધારણમાં કોઈ પણ ધર્મના ધર્મગુરૂઓનું અપમાન કરવા કે ધર્મના અનુયાયીઓની લાગણી દુભાય તેવા ઉચ્ચારણો પ્રતિબંધ છે છતાં અવારનવાર ટી.વી.ડિબેટોમાં ધર્મ સાંસદોમાં કે વ્યક્તિગત રીતે આવા ઉચ્ચારણો થતા રહે છે. આ વખતે ભાજપ પક્ષ એ નૂપુર શર્મા અને નવીન જીદ્દાલને પોતાની પાર્ટી માંથી બરતરફ કરી પક્ષ તરીકેની જવાબદારી પુરી કરી છે. તે સરાહનિય પરંતુ ભાજપ પક્ષનીજ સરકાર દ્વારા આ બાબતે કોઈ કાનૂની કાર્યવાહી કરવામાં આવી નથી, તે દુઃખદ બાબત છે અને તેનાથી દેશના મુસ્લિમોની લાગણી દુભાય છે. જેથી નૂપુર શર્મા અને નવીન જીદ્દાલ અને તેમના સમર્થકો વિરૂદ્ધ સરકાર દ્વારા સખતમાં સખત કાનૂની કાર્યવાહી કરવામાં આવે અને ભવિષ્યમાં કોઈપણ ધર્મની લાગણી ન દુભાય અને કોઈપણ ધર્મ વિશે ટિપ્પણીઓ કરવામાં ન આવે તેવી માંગ સાથે વેજલપુર મુસ્લિમ ઘાંચી પંચ અને સામાજિક કાર્યકરો દ્વારા કાલોલ મામલતદાર ને આવેદનપત્ર આપી જાણ કરવામાં આવી હતી.

# શાળા બહારના બાળકોના સર્વેમાં સહભાગી થવા જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મહીસાગરની અપીલ

લુણાવાડા,
સમગ્ર શિક્ષા અંતર્ગત ૬ થી ૧૮ વર્ષની વયજુથના કદી શાળાએ ન ગયેલ અને અધવચ્ચેથી શાળા છોડી ગયેલ શાળા બહારના બાળકો માટે સર્વે તા.૧૩.૦૬.૨૦૨૨ થી તા.૩૦.૦૬.૨૦૨૨ સુધી થનાર છે. જેમાં ગ્રામ્ય અને શહેરના બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, ઝુપડપટ્ટી, માનવવસાહત ધરાવતા તમામ વિસ્તારોમાં જો આવા શાળા બહારના બાળકો મળી આવે તો નજીકમાં આવેલ સરકારી શાળા કે સીઆરસી/બીઆરસી કો.ઓર્ડીનેટર અથવા સમગ્ર શિક્ષા જિલ્લા કચેરી, મહીસાગરના ટોલફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૨૪૩૧ પર સંપર્ક કરવો જેથી કરી શિક્ષણથી વંચિત રહેલ શાળા બહારના બાળકોને શિક્ષણ સાથે સાંકળવાના અથાગ પ્રયત્નને આપના સહકાર થી સાકાર કરી શકાય તેમ જીલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડીનેટર અને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મહીસાગરની અખબારી યાદીમા જણાવાયું છે.


હોલોલમાં દલબીરસીંગ ઉર્ફે પપ્પુભાઈ તેમજ નર્મદા યોજના નિવ્રુત કાર્યપાલક ઈજનેર આઈ.એ.આમ આદમી પાર્ટીમાં જોડાયા. હાલોલ બસ સ્ટેશન સામે અંકુર હોસ્પિટલ નીચે ગાયત્રી ખમણ હોટલ પર ભરત રાઠવા દ્વારા ખેસ પહેરાવી આમ આદમી પાર્ટીમાં જોડાયા. ભરતભાઈ રાઠવા દ્વારા જણાવ્યા મુજબ હાલોલમાં સંગઠન દિવસેને દિવસે ખુબ જ મજબૂત થઈ રહ્યું છે.

# ગોધરા શહેરમાં ચકચાર જગાવનાર મુસ્લિમ આગેવાનોને મારમારી લુંટી લેવાના બનાવમાં આગોતરા જામીન અરજી નામંજૂર કરતી સેસનશ કોર્ટ

ગો ધરા,
ગોધરા શહેરમાં મુસ્લિમ સમાજના એક યુવકે સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન ધાબા ઉપર થી પડતું મૂકી ને આપઘાત કરી લીધેલ હતો અને આ બનાવ બનતા મુસ્લિમ સમાજના ઘણા બધા લોકો સિવિલ હોસ્પિટલ ખાતે ભેગા થઇ ગયેલા અને ત્યારબાદ આ તમામ લોકો એ એક્જુથ થઈ અને આ આપઘાત કરનાર યુવક્ને કોઈકે મારી નાખેલ છે. તેવા મેસેજ સોશિયલ મીડિયામાં ફેરવી અને ગોધરા શહેરના અમુક વિસ્તારો બાનમાં લઈ અફરાતફરી મચાવી હતી અને ત્યારબાદ આ ઝનુની બનેલા ટોળાએ મુસ્લિમ સમાજના આગેવાનોના રહેવાનાં ઘરો તેમજ તેમના ધંધાના સ્થળે પત્થરમારો કરેલ અને જે આગેવાનો મળી આવ્યા તેમને બેરહમીપૂર્વક મારમારવામા આવેલા અને તેમની પાસે થી નાણાંની લુંટ કરવામાં આવી હતી. જે બનાવની ફરિયાદ મુસ્લિમ સમાજના આગેવાન દ્વારા ગોધરા ટાઉન બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૯૫, ૩૯૭, ૩૩૭, ૪૨૭ વિગેરે કલમો મુજબ ગુન્હો નો નામજોગ આરોપી ઓ વિરૂદ્ધ નોંધાવતા આરોપી શકીલ અશરફ બડંગા તથા આરોપી સિક્દર ઈશાક બેલીનાઓ એ ગુન્હાના કામે આગોતરા જામીન ઉપર મુક્ત થવા માટે પંચમહાલ જિલ્લાના એડીશનલ શેસન્સ જજ ઈ.એમ. શેખની કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજીની સુનાવણી થતાં જીલ્લા સરકારી વકીલ રાકેશ એસ. ઠાકોરની વિગતવારની દલીલો તથા પોલીસ તપાસના કાગળોને ધ્યાનમાં રાખીને નામદાર કોર્ટ દ્વારા આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે.

# શહેરા મુસ્લીમ સમાજ દ્વારા પયગંબર સાહેબ વિરૂદ્ધ ટીપ્પણી કરનાર સામે કાર્યવાહીની માંગ કરી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરામાં મુસ્લિમ ધર્મગુરૂ હઝરત પયગંબર સાહેબની શાનમાં ગુસ્તાખી કરનાર ભાજપના પૂર્વ પ્રવક્તા નુપૂર શર્માના વિરોધમાં મુસ્લિમ સમાજ દ્વારા મામલતઘરને આવેદનપત્ર અપાયું હતું. નૂપુર શર્મા સામે કડક કાર્યવાહી કરી તાત્કાલિક ધરપકડ કરવા મુસ્લિમ સમાજની માંગ ઉઠી હતી. થોડા દિવસ પહેલા એક ટીવી ડિબેટ દરમિયાન દિલ્હીના રહેવાસી અને ભાજપના પૂર્વ પ્રવક્તા નુપૂર શર્મા દ્વારા મુસ્લિમ ધર્મગુરૂ એવા હઝરત પયગંબર સાહેબ વિશે ટિપ્પણી કરવામાં આવી હતી. જેને લઈને શહેરામાં નૂપુર શર્માનો મુસ્લિમ સમાજ દ્વારા વિરોધ કરી તેની સામે કડક કાર્યવાહી કરવા માંગ ઉઠી હતી. મુસ્લિમ સમાજના અગ્રણીઓ સહિત યુવાનો મસ્જીદ પાસે એકત્રિત થઈને વિવિધ બેનરો સાથે રેલી સ્વરૂપે અહીથી નીકળી ને મામલતઘર કચેરી ખાતે પહોંચી જઈને મુસ્લિમ સમાજ અગ્રણીઓએ નૂપુર શર્માના વિરોધમાં આવેદનપત્ર આપ્યુ હતું. જેમાં મુસ્લિમ સમાજના આગેવાનો સહિતના લોકોએ પયગંબર સાહેબની શાનમાં ગુસ્તાખી કરનાર નૂપુર શર્મા સામે કડકમાં કડક કાર્યવાહી કરી તાત્કાલિક ધરપકડ કરવામાં આવે તેવી માંગ કરી હતી.

# ડાકોર રણછોડ રાયજી મંદિર ટ્રસ્ટ દ્વારા રસ્તાનું કામ પૂનમ પહેલા પૂર્ણ કરવા માગ

ડાકોર,
સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર રણછોડ રાયજી મંદિર ટ્રસ્ટ દ્વારા નગરપાલિકાને ડાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા એક લેખિત પત્ર મોકલવામાં આવ્યો છે જેમાં ઉલ્લેખ છે કે આવનાર પૂનમ સુધી રોડ રસ્તાનું કામકાજ વહેલી તકે પૂર્ણ કરવા માટે તાકીદ કરેલ છે. ડાકોર ખાતે છેલ્લા ઘણા સમયથી ધીમી ગતિએ રોડ રસ્તનું કામ ચાલી રહ્યું છે જેને કારણે આવનાર યાત્રિકોને દર્શના માટે તકલીફો ઉઠાવવી પડે છે. મંદિરના મુખ્ય દ્વાર પર કોંક્રેટ સિમેન્ટના ઢગલા છેલ્લા ઘણા સમયથી પડ્યા છે. પાણીના ખાબોચિયા ભરાયેલા છે અને મંદિર ટ્રસ્ટ દ્વારા આ કામની રીતે પૂર્ણ કરવા માટે વારંવાર રજૂઆત કરવા છતાં નગરપાલિકા કે વહીવટીતંત્ર ઘોર નિંદ્રામાંથી જાગતું નથી. આ બાબતે નગરપાલિકા આર.એન.બી શાખાને પણ જાણ કરેલ છે. આવનાર પૂનમના દિવસે યાત્રિકોનું ઘોડાપૂર આવતું હોય છે. સમસ્ત ગુજરાતમાંથી પૂનમના દિવસે શ્રદ્ધાળુઓ રણછોડજીના દર્શન કરવા આવતા હોય છે ત્યારે તેમને અગવડ ન પડે તે હેતુથી ડાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા નગરપાલિકા તથા વહીવટીતંત્ર અને એક પત્ર લખી રોડ રસ્તાનું કામ પૂર્ણિમાં પહેલા રાત-દિવસ એક કરીને પૂર્ણ કરવા માટે એક પત્ર લેખિત આપવામાં આવ્યો છે.

ડાકોર મંદિરના મુખ્ય દ્વાર પર રસ્તાનું કામકાજ ચાલતો હોવાને કારણે યાત્રિકો ગોમતી નદી સ્નાન કરવા પણ જે શકતા ન હોવાને કારણે મંદિર ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા નારાજગી વ્યક્ત કરવામાં આવે છે અને આ કાચબા ગતિએ ચાલતું કામ પણ ક્યારે પૂર્ણ થશે તેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે ત્યારે ગઈકાલે ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા ઠાસરા પ્રાંત અધિકારી અને મામલતદારને પણ પત્ર લખી આ બાબતે ધ્યાન દોરવામાં આવ્યું હતું. મંદિરની નજીક ધીમી ગતીએ ચાલી રહેલ રોડની કામગીરીને લઈ પત્ર લખતા મંદિરના ટ્રસ્ટીએ પણ આ બાબતે મીડિયા સમક્ષ ઈન્ટરવ્યૂ આપતા કહ્યું હતું કે, વારંવાર રજૂઆત કરવા છતાં પણ તંત્ર રસ્તા બાબતે નિષ્ક્રિયતા દાખવી રહ્યું છે ત્યારે નાછૂટકે પત્ર લખી વહીવટીતંત્રને જણાવવામાં આવ્યું છે. વધુમાં ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, મંગળવારે જેઠ સુદ પૂનમ (જેષ્ઠાભીક સ્નાન) હોવાથી કામગીરી વહેલી પૂર્ણ કરવા તાકીદ આપી છે. આરસીસી રોડની ધીમી ગતિને કારણે લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. મંદિરના પ્રવેશદ્વાર પાસે જ ઉબડખાબડ રોડથી શ્રદ્ધાળુઓ તેમજ સ્થાનિકો મુશ્કેલીમાં પડી જાય છે. રોડની ચાલી રહેલી કામગીરી પૂનમ પહેલા પૂર્ણ કરી દેવા તાકીદ કરી હતી. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨૦દિવસ થી ડાકોર નગરપાલીકા તંત્ર તરફથી બનતા રોડ રસ્તા મંથર ગતિથી ચાલતા ભાવિક ભક્તો ગામનાં રહિશો તેમજ ડાકોર ટેમ્પલ કમિટી રોષે ભરાઈ. અને આખરે તંત્રને પત્ર લખી જાણ કરવામાં આવી છે.

# ગોધરા રાણી મસ્જીદ પાછળ ગૌવંશની ૨૦ કિલો માંસ અને રોકડ મળી ૬૬૪૫/-રૂપીયાનો મુદ્દામાલ પોલીસે ઝડપ્યો

ગોધરા,
ગોધરા રાણી મસ્જીદની પાછળના ભાગે મકાનના આગળના ભાગે ખુલ્લી જગ્યામાં ગૌવંશ કટીંગ કરવાની બાતમીના આધારે પોલીસે રેઈડ કરતાં માંસનો જથ્થો ૨૦ કિલો રોકડા રૂપીયા વજન કાંટો મળી ૬૬૪૫/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં રેઈડ દરમિયાન આરોપી ભાગી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા રાણી મસ્જીદની પાછળના ભાગે આરોપી ઈમરાન સલીમ હાઝીયાએ તેના કાકાના મકાનની આગળ ગૌવંશના કત્તલ કરાવડાવી હોય તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન સ્થળ ઉપર થી ૨૦ કિલો માંસ કિંમત ૪,૦૦૦/-રૂપીયા, રોકડા ૧૭૮૦/-રૂપીયા, વજન કાંટલ મળી કુલ ૬૬૪૫/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. રેઈડ દરમિયાન આરોપી ઈમરાન સલીમ હાજીયા નાશી જઈને ગુન્હો કરતાં આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા હુસેની ચોક નદીના ઢાળમાં વરલી મટકાનો જુગાર રમાડતા ઈસમને ઝડપ્યો

ગોધરા,
ગોધરા હુસેની ચોક કુબા મસ્જીદ સામે નદીના ઢાળ માંથી વરલી મટકાના જુગાર રમાડતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી એક ઈસમને ૧૯૫૦/-રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા હુસેની ચોક કુબા મસ્જીદ સામે નદીના ઢાળમાં વરલી મટકાનો જુગાર રમાતો હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી રઈશખાન યુસુફખાન પઠાણને સ્લીપબુક અને ૧૯૫૦/-રૂપીયા રોકડા સાથે ઝડપી પાડી આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.


ગોધરાના સામાજિક સાંસ્કૃતિક રાજકીય શૈક્ષણિક અગ્રણી કે.સી.એમ શાહ બી.એડ કોલેજ કાંકણપુર, ગોધરાના પ્રોફેસર આનંદ જીતેન્દ્રભાઈ ઘડિયાળી દ્વારા પેસિફિક યુનિવર્સિટી ઉદયપુરમાં "A Study On Measuring Effectiveness Of Advertisements Of Selected Banking Products" વિષય પર સુપરવાઈઝર ડો.અનુરાગ મહેતાના માર્ગદર્શન હેઠળ મહાશોધ નિબંધ લખી "ડોક્ટર ઓફ ફિલોસોફી Ph.D"ની પદવી પ્રાપ્ત કરતા આજરોજ બીએપીએસ મંદિરના કોઠારી સ્વામ બ્રહ્મજીવન સ્વામી, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ જનકભાઈ પટેલ ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજી, મહામંત્રી કુલદીપસિંહ સિંહ સોલંકી, મેહુલભાઈ પટેલ, ડોક્ટર યોગેશભાઈ પંડ્યા, તથા બક્ષીપંચ મોરચો યુવા મોરચો અગ્રણી પદાધિકારીઓ દ્વારા આશીર્વાદ સહ અભિનંદન પાઠવવામાં આવેલ હતા. ડોક્ટર આનંદ ઘડિયાળી દ્વારા કોલેજ પરિવાર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી તથા સુથાર સમાજનું ગૌરવ વધારેલ છે.

# આપની આજ.......

મેષ : આજે મન પ્રસન્ન રહેશે અને ધર્મ અને આધ્યાત્મિકતામાં તમારી શ્રદ્ધા વધશે. વેપાર અને વ્યવસાય આજે સામાન્ય કરતાં વધુ સારી રીતે આગળ વધશે, પરંતુ આર્થિક બાબતોમાં ઝડપથી કોઈ પર વિશ્વાસ ન કરો, નહીં તો નુકસાન થવાની સંભાવના છે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે લાભ લાવશે પરંતુ તમારે કોઈ ચોક્કસ કાર્યની રાહ જોવી પડશે. તે પછી જ આપણે કાર્યના સફળ વિસ્તરણની યોજના કરી શકીશું. રોકાણ કરવામાં અચકાશો નહીં, તમને મૂડી રોકાણો માટે અનુકૂળ પરિણામ મળશે.

મિથુન : તમારા માટે આજનો દિવસ શુભ રહેશે. ધંધા અને ધંધામાં અપેક્ષિત સફળતાથી તમે સંતુષ્ટ થશો પરંતુ બેસો નહીં અને લાભ મેળવવાની આશા રાખો. ક્રોધ પર નિયંત્રણ રાખો. મિત્રો સાથે લાંબી મુસાફરી પર જવા માટે યોજના બનાવી શકાય છે.

કર્ક : આજનો દિવસ તમારા માટે પ્રતિકૂળ રહેશે. આજે કાર્યમાં નિષ્ફળતાના કારણે મન નિરાશાથી ભરેલું રહેશે, જેના કારણે આજે તમારામાં ક્રોધની માત્રા પણ વધુ રહેશે. ક્ષેત્રમાં પદ અને સત્તાની મહત્વાકાંક્ષા વિરોધાભાસને જન્મ આપશે.

સિંહ : આજે તમે અશક્ય કાર્યોને પણ શક્ય બનાવવાનો પ્રયાસ કરશો. વેપારીઓને આજે લાભ મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે. પરિવારના કોઈ સભ્યની બીમારી પર ખર્ચ થઈ શકે છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે આનંદકારક રહેશે. તમે દિવસભર રમૂજ અને મનોરંજનના મૂડમાં રહેશો અને તમારા જુસ્સાને પરિપૂર્ણ કરવા માટે જરૂરી કાર્યોને પણ અવગણી શકો છો. પરિવાર તરફથી સુખ મળશે અને પરિવાર તરફથી આનંદ મળશે.

તુલા : ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારો જોડાણ થશે, જેને પ્રોત્સાહન મળવાની સંભાવના છે. લેખકો અને કલાને લગતા નામાંકિતોને પ્રતિભા પ્રદર્શિત કરવાની તકો મળશે.

વૃશ્ચિક : આજ દિવસે વધારે ગુસ્સો થવાને કારણે પરિવાર સાથે કોઈ બાબતે વિવાદ થવાની સંભાવના છે. પૈસામાં વધારો થશે, પરંતુ વધારે ખર્ચને કારણે આર્થિક સ્થિતિ નબળી પડી શકે છે. બપોર પછી નોકરીઓ અને ધંધા સાથે જોડાયેલા કેટલાક પ્રશ્નો ઉકેલાશે.

ધનુ : કાર્યક્ષેત્રમાં તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો, નહીં તો વરિષ્ઠ અધિકારીઓ સાથે અણબનાવ થઈ શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં અચાનક મહેમાનોનું આગમન, ખર્ચનો ભાર વધારે છે.

મકર : આજે તમે તમારા કાર્યમાં વ્યસ્ત રહેશો અને કોઈ પણ વિરોધીની ટીકા અને અવરોધ તરફ ધ્યાન ન આપીને તમારું કાર્ય ચાલુ રાખશો. નોકરી કરતા લોકો માટે પગારમાં વધારો થઈ શકે છે.ખર્ચ થશે પણ થોડો ફાયદો પણ થશે.

કુંભ : આજે તમારા માટે અનુકૂળ રહીને તમે શારીરિક અને માનસિક સુખનો અનુભવ કરશો. બાળકોને લગતી સમસ્યાઓના નિવારણમાં બપોર પસાર કરવામાં આવશે. કોઈપણ સ્પર્ધામાં હરીફ વિદ્યાર્થીઓ જીતી શકે છે.

મીન : આજે તમે મૂંઝવણની સ્થિતિમાં રહેશો. અનિશ્ચિત સ્થિતિમાં રહીને તમારા હાથમાંથી નફોની તકો નીકળી શકે છે, પરંતુ આજે તમે તમારા સંતોષપૂર્ણ સ્વભાવને લીધે ઉદાસ નહીં રહો. માતા અથવા અન્ય કોઈ વરિષ્ઠ વ્યક્તિની સલાહ લઈને કોઈ મહત્વપૂર્ણ કાર્ય કરો.

# મહારાષ્ટ્ર અને હરિયાણામાં ચુંટણી અમાન્ય જાહેર કરવાની માંગ સાથે ભાજપના પ્રતિનિધિમંડળ ચુંટણી પંચને મળ્યું

## કર્ણાટકમાં જેડીએસના બે ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કરીને કોંગ્રેસના પક્ષમાં મત આપ્યો




નવીદિલ્હી,
કર્ણાટકની ચાર સીટો માટે રાજ્યસભા ચૂંટણી માટે આજે મતદાન થયું હતું. ચોથી સીટ પર સસ્પેન્સ વચ્ચે બે મુખ્ય વિપક્ષી દળો કોંગ્રેસ અને જનતા દળ(એસ) વચ્ચે જોરદાર મુકાબલો થયો છે. કોંગ્રેસની તરફેણમાં જેડીએસ નેતા કુમારસ્વામીએ સ્વીકાર્યુ કે ૩૨માંથી ૩૦ ધારાસભ્યોએ પાર્ટીને સમર્થન આપ્યુ હતુ. કુમારસ્વામીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ હાઈકમાન્ડે જેડીએસ જેવા ધર્મનિરપેક્ષ પક્ષના ઉમેદવારને સમર્થન ન આપીને ભાજપને મજબૂત બનાવ્યુ છે. જો કે હરિયાણા અને મહારાષ્ટ્રની ચુંટણી રદ કરવાની માંગ ભાજપે ચુંટણી પંચ સમક્ષ કરી છે આથી મતગણતીમાં વિલંબ થયો છે.

જેડીએસ પ્રમુખ એચડી કુમારસ્વામીએ ઈન્ટરવ્યુમાં કોંગ્રેસ પર ભાજપના ઉમેદવારને હરાવવામાં કોઈ રસ ન હોવાનો આરોપ લગાવ્યો હતો. કર્ણાટકમાં ચાર બેઠકો માટે છ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે જેના કારણે ચોથી બેઠક માટે મોટો જંગ છે. જેડી(એસ) એ કોંગ્રેસની ચળવળને રોકવા માટે તેના ધારાસભ્યોને હોટલમાં શિફ્ટ કર્યા હોવાના અહેવાલ છે. જેના પર તેમણે ચૂંટણી જીતવા માટે 'ગંદી રાજનીતિ' કરવાનો આરોપ મૂક્યો છે. પૂર્વ મુખ્યમંત્રી અને વિપક્ષના નેતા સિદ્ધારમૈયા પર સીધો પ્રહાર કરતા કુમારસ્વામીએ કહ્યુ કે કોંગ્રેસ નેતા અમને હારતા જોઈને પૂર્વગ્રહ રાખે છે. જયારે કર્ણાટકમાં રાજ્યસભાની ચૂંટણીમાં મતદાન કર્યા પછી કર્ણાટક જેડી(એસ)ના ધારાસભ્યનું નિવેદન હેડલાઈન્સ બની રહ્યું છે કારણ કે કર્ણાટક જેડી(એસ)ના ધારાસભ્ય કે શ્રીનિવાસ ગૌડા સામે આવ્યા અને કહ્યું કે હા મેં કોંગ્રેસને મત આપ્યો કારણ કે હું તેને પ્રેમ કરું છું.

હરિયાણામાં રાજ્યસભાની બે સીટ માટે ચંદીગઢ વિધાનસભા પરિસરમાં મતદાન યોજાયું હતું આ દરમિયાન આદમપુરથી કોંગ્રેસ ધારાસભ્ય કુલદીપ બિશ્નોઈને લઈને દાવો કરવામાં આવ્યો છે કે તેમણે ક્રોસ વોટિંગ કર્યુ છે. અપક્ષ ધારાસભ્ય રણધીર ગોલને કોંગ્રેસના બે ધારાસભ્યોએ તેમના પક્ષના ઉમેદવારને મત ન આપવાની વાત કરી છે. કોંગ્રેસના સાંસદ દીપેન્દ્ર હુડ્ડાએ કુલદીપ બિશ્નોઈ પર પાર્ટી સાથે રહેવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

ચંદીગઢમાં મતદાન કર્યા બાદ હરિયાણાના અપક્ષ ધારાસભ્ય રણધીર ગોલને કહ્યુ, કુલદીપ બિશ્નોઈ કોંગ્રેસથી નારાજ છે તેઓ તેમને વોટ નહીં આપે. કોંગ્રેસના અન્ય એક ધારાસભ્ય પણ પાર્ટીને વોટ આપવાના નથી પરંતુ હું તેમનું નામ નહિ લઉ. તેમણે કહ્યુ કે રાજ્યના તમામ ૬ અપક્ષ ધારાસભ્યોએ ભાજપને મત આપ્યો છે. ચંદીગઢમાં કોંગ્રેસના ધારાસભ્યો સાથે હાજર રહેલા સાંસદ દીપેન્દ્ર હુડ્ડાએ કહ્યુ કે પાર્ટી એકજુટ છે અને આ રાજયસભાની ચૂંટણીમાં અજય માકન જીતશે. કુલદીપ બિશ્નોઈ અંગે હુડ્ડાએ કહ્યુ કે તે કોંગ્રેસના ધારાસભ્ય છે અને હું માનુ છુ કે તેમણે કોંગ્રેસને મત આપ્યો છે.

મહારાષ્ટ્રમાં રાજયસભાની ચુંટણી માટે બપોરના ૩.૩૦ કલાક સુધી ૨૮૫ ધારાસભ્યો મતદાન કરી ચુકયા હતાં.જો કે આ દરમિયાન નવાબ મલિકને ભારે આંચકો લાગ્યો હતો બંબઈ હાઈકોર્ટે તેમને મતદાન કરવા માટે તાકિદે સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો હતો આથી તેઓ મતદાન કરી શકયા ન હતાં રાજસ્થાનમાં રાજયસભા ચુંટણી માટે મતદાન થયું હતું આ દરમિયાન મામલો સુપ્રીમ કોર્ટ પહોંચી ગયો છે.સુપ્રીમ કોર્ટમાં માંગ કરવામાં આવી છે કે બસપાથી કોંગ્રેસમાં સામેલ છ ધારાસભ્યોને મતદાનના હાલ પરિણામમાં સામેલ કરવામાં ન આવે બસાપાથી ચુંટાઈને આવ્યા બાદ આ ધારાસભ્ય કોંગ્રેસમાં સામેલ થઈ ગયા હતાં તેમના દ્વારા આપવામાં આવેલ મત ગેરબંધારણીય છે જો કે આ અરજીની સુનાવણીને લઈ સુપ્રીમ કોર્ટમાં હાલ કોઈ તારીખ નક્કી કરી નથી ભાજપના એક ધારાસભ્ય શોભારાની કુશવાહાએ ક્રોસ મતદાન કર્યુ છે તેમણે કોંગ્રેસના પ્રમોદ તિવારીને મત આપ્યા છે ચુંટણી પંચે આ માહિતી આપી છે.

એ યાદ રહે કે મહારાષ્ટ્રની ૬, રાજસ્થાન અને કર્ણાટકની ૪-૪ તથા હરિયાણાની ૨ બેઠકો માટે આજે મતદાન થયું હતુ ઉત્તર પ્રદેશના તમામ ૧૧, તમિલનાડુના ૬, બિહારના ૫, આંધ્ર પ્રદેશના ૪, મધ્ય પ્રદેશ અને ઓડિશાના ૩-૩, છત્તીસગઢ, પંજાબ, તેલંગાણા તથા ઝારખંડના ૨-૨ અને ઉત્તરાખંડના ૧ ઉમેદવાર કોઈ પણ પ્રકારની ચૂંટણી વગર જ નિર્વિરોધ ચૂંટાઈ આવ્યા છે. તેમાં સૌથી વધારે ૧૪ ભાજપના, કોંગ્રેસ અને વાયએસઆર કોંગ્રેસના ૪-૪ ઉમેદવારો છે. ડીએમકે તથા બીજેડીના ૩-૩, આમ આદમી પાર્ટી, રાજદ, ટીઆરએસ, અન્નાદ્રમુકના ૨-૨, ઝામુમો, જેડીયુ, સપા અને રાલોદના ૧-૧ નેતા તથા અપક્ષ કપિલ સિબ્બલ નિર્વિરોધ ચૂંટાયેલા સદસ્યોમાં સામેલ છે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા-વડોદરા હાઈવે પર ગોપાલસિંહ સોલંકીના ડ્રાયવરની દાદાગીરીનો વિડીયો થયો વાયરલ

ગોધરા,

ગોધરા વડોદરા હાઈવે ઉપર માજી સાંસદ ગોપાલ સોલંકી ની ગાડીને અડફેટેમાં લીધી હતી ત્યારબાદ માજી સાંસદના ડ્રાઈવર એસટી બસના ડ્રાઈવરને દરવાજો ખોલી ખેંચમ તાની કરી હતી. ત્યારે બસ ના ડ્રાયવર કેહવા લાગેલ કે ગાડી ચાલુ છે ત્યારે ગોપાલ સોલંકીનો ડ્રાયવર બસમાં ચડી ફેટ પકડી ને લાફા જીકયા હતા અને ગોપાલ સોલંકી નો ડ્રાયવર લાફા ઝીકતા ઝીકતા કેહવા લાગેલ કે તને ખબર છે કોની ગાડી છે તેમ કહી ઉપરા છાપરી લાફા ઝીકયા હતા અને મારમારતો વીડિયો વાયરલ થયો છે જેથી એવું સાબિત થયું છે કે માજી સાંસદ અને હાઈકોર્ટે ના વકીલ હોવાથી તેઓ કાયદાનું ભાન ભૂલી સરકારી કર્મચારી બસના ડ્રાયવરને માર મારતા વીડિયો વાયરલ થયો છે આ વિડીયો બસમાં બેઠેલ પેસેન્જરે ઉતારેલો છે. હાલમાં પોલીસની કાર્યવાહી માટે ડ્રાઈવરને લઈ જવામાં આવ્યો છે. આ બનાવના કારણે એસટી બસના મુસાફરો અટવાયા હતા. આપને જણાવી દઈએ કે માજી સાંસદ ગોપાલસિહ સોલંકી તેઓ એડવોકેટ છે. હાઈકોર્ટના વકીલ પણ છે અને તેઓ ના ડ્રાયવર એ કોઈપણ કાનૂન કે કાયદાનો ડર રાખ્યા વગર એસટી ડ્રાયવરને માર મારી કાયદાને હાથમાં લીધો છે.



# ગોધરા અમન ડે સ્કુલને સોલાર એનર્જી સંચાલિત બનાવવામાં આવી

ગોધરા,

ભારત સરકાર હાલના સમયે ગ્રીન એનર્જી તથા સૌર ઉર્જા ઉપર વારંવાર ભાર મૂકી રહી છે. ત્યારે હાલના સમયમાં મોટાભાગના લોકો પોતાના રહેણાંક મકાનોમાં સોલાર પ્લાન્ટ લગાવી રહ્યા છે. ત્યારે રહેણાંક તો ખરા જ પરંતુ પંચમહાલ જિલ્લાના ગોધરા શહેર ખાતે આવેલી અમન ડે સ્કૂલ ખાતે સંપૂર્ણ શાળા સોલાર એનર્જી સંચાલિત બનાવવામાં આવી હતી. શાળાનું બાંધકામ તથા વાતાવરણ ગ્રીન મોડેલ સ્કૂલ કહી શકાય તેવું ભાસે છે. જ્યારે બીજી તરફ શાળા સંચાલકોએ સંપૂર્ણ સોલાર આધારિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર નું નિર્માણ કરીને વધુ એક પ્રકલ્પ શાળા સાથે જોડ્યો છે.

સોલાર એનર્જી થકી વિદ્યુત ઉપકરણો ખૂબ જ સારી રીતે સંચાલન કરી શકાય તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ગોધરાની અમન ડે સ્કૂલ પૂરૂં પાડી રહી છે. શાળા ખાતે પ્લાન્ટ ઉભો કરનાર કંપની જલાર્ક સોલાર ના ફાઉન્ડર અને સીઈઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, તેઓના દ્વારા ગતરોજ ગોધરાની અમન ડે સ્કૂલ ખાતે ૪૦ કિલો વોટ નો સોલર પાવર પ્લાન્ટ નાખવામાં આવ્યો હતો. જેનું વિમોચન ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા કરવામાં આવ્યું હતું.

તેમજ તેમણે ઉમેર્યુ કે આ પ્લાન્ટમાં તેઓએ polycrystalline પેનલ તથા ૪૦ કિલો વોટનું ઈન્વર્ટર લગાવ્યું છે જેના દ્વારા શાળાના સ્માર્ટ ક્લાસ રૂમ, એસી, પીવાના પાણીના વોટર કુલર, લાઈટ, પંખા સહિતના વિદ્યુત ઉપકરણો સંચાલિત થશે. તેમજ આ થતી શાળામાં ભણતા બાળકોને પણ એક અમૂલ્ય સંદેશ મળશે કે પ્રદૂષણ ઘટાડીને ગ્રીન એનર્જીનો ઉપયોગ કરવાથી દરરોજનો ૫૮૦૦૦ કાર્બન ડાયોક્સાઈડ એમીસનમાં ઘટાડો થશે અને આ ૪૦ કિલો વોટ ના પ્લાન્ટ થકી દરરોજ ૧૬૦ યુનિટ વીજળી ઉત્પન્ન થશે. જેમાં ૧૬૦ યુનિટ શાળાનો વપરાશ નહીં હોય ત્યારે અન્ય યુનિટનો લાભ આસપાસના લોકોને પણ મળી રહેશે.

પંચમહાલ જિલ્લાની ગ્રીન સ્કૂલોમાં અમન ડે સ્કૂલ પોતાનું સ્થાન મેળવીને 120 polycrystalline સોલાર પેનલો થકી પોતાની શાળાને તો ઉજવણી થશે જ સાથે સાથે અન્ય યુનિટો નો ગ્રીન એનર્જી નો લાભ આસપાસના લોકોને પણ મળશે ખરેખર આ સરાહનીય છે.




# શહેરા તાલુકાના નરસાણાના નાડા ફળીયામાં ૬ સભ્યોને મારમારતાં સારવાર હેઠળ આ બાબતે ફરિયાદ નોંધાઈ

શહેરા,

શહેરા તાલુકાના નરસાણા ગામના નાડા ફળીયામાં બે કુંટુંબ વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયો હતો. જ્યારે આ ઝગડામાં એક પરીવારના ૯ સભ્યોને માર મારતા સારવાર અર્થે રેફરલ હોસ્પિટલમાં દાખલ થયા હતા. પોલીસ મથક ખાતે પરમાર અખમબેન એ રણજીતભાઈ લાલાભાઈ પરમાર સહિત પાંચ લોકોના નામજોગ તેમજ અન્ય વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી થાય તે માટે અરજી આપી હતી.

શહેરા તાલુકાના નરસાણા ગામ ખાતે આવેલા નાડા ફળિયામાં રહેતા પરમાર અખમબેન રાજેશભાઈ એ પોલીસ મથક ખાતે આપેલી અરજીમાં જણાવ્યું હતું કે, તેઓ અને તેમના પરીવારના સભ્ય સાથે ઘરે હતા. ત્યારે તેમના ફળિયાના રણજીતભાઈ લાલાભાઈ પરમાર, સંતોષભાઈ પરમાર, ભલાભાઈ લાખાભાઈ પરમાર, વિનોદભાઈ બળવંતભાઈ પરમાર, અને અશ્વિનભાઈ ગીરવત પરમાર સહિત અન્ય લોકો આવીને તમે લોકો સમાધાન કેમ નથી કરતા તેવું કહીને બોલાચાલી કરીને ઝઘડો કરવા માંડ્યા હતા. અખમબેન પરમાર અને તેમના પતિ સહિત ઘરના અન્ય સભ્યોને માર મારવા લાગતા તેમના પરી તમામ લોકો પોતાનો જીવ બચાવવા માટે ઘર છોડીને ત્યાંથી ભાગી ગયા હતા. રેફરલ હોસ્પિટલ ખાતે રાજેશભાઈ બાજીભાઈ પરમાર, ગલીબેન બાજીભાઈ પરમાર, દલપતભાઈ બાજીભાઈ પરમાર, શોભનાબેન દલપતભાઈ પરમાર, ઈશ્વરભાઈ દલપતભાઈ પરમાર, અખમબેન રાજેશભાઈ પરમાર, સવિતાબેન ઈશ્વરભાઈ પરમાર, કલ્પેશભાઈ પરમાર અને લીલાબેન પરમાર સહિતનાઓ સારવાર અર્થે દાખલ થયા હતા. જ્યારે દલપતભાઈ પરમારે જણાવ્યું હતું કે, મારા ફળિયામાં રહેતા રણજીત તેમજ સંતોષ પરમાર સાથે ૩૦થી ૩૫, લોકો અમારા ઘરે આવીને મારા પરીવારના બધાને માર મારતા અમે બધા પોતાના જીવ બચાવવા માટે ત્યાંથી ગમે તે રીતે નીકળી ગયા હતા. ત્યાર પછી ઘરની અંદર રહેલી ચીજવસ્તુઓ તોડફોડ કરીને બાઈક ટ્રેક્ટર નુકશાન કરેલ છે. અમારા ખેતરમાં રહેલ ઓરડીને આગ લગાડી દીધી હતી. સાથે તિજોરીમાં રહેલ સામાન પણ રફેડફે કરી દિધો હતો. પોલીસ મથક ખાતે અખમબેન દ્વારા તેમના પરીવારના સભ્યો પર જેરીતેનો બનાવ બન્યા હતો. તેની સંપૂર્ણ વિગત જણાવી હતી. હાલતો આ પરીવાર એટલો બધો ગભરાઈ ગયો હતો કે પોતાના ઘરે જતા પણ તેઓ ડરતા હોવાથી રેફરલ હોસ્પિટલના ખુલ્લી જગ્યામાં બાળકો, વૃદ્ધ સહિતનાઓ બેસી રહયા હતા. ત્યારે પોલીસ તંત્ર દ્વારા આ બાબતે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં તે પણ જરૂરી છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

# સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ મહાકાળી મંદિર ટ્રસ્ટ મંડળનો સાત વર્ષે પ્રમુખ સેક્રેટરી અને સભ્યોની વરણી

પાવાગઢ,

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના મંદિરના મહાકાલિ માતાજી મંદિર ટ્રસ્ટ મંડળની સાત વર્ષનો કાર્યકાળ પૂરો થતા મહાકાલિ માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ, સેંક્રેટરી સહિતના ટ્રસ્ટી મંડળના સભ્યો સહિત આચાર્ય પ્રતિનિધિ પૂજારી અને દાતા સભ્યોની નિમણૂક આગામી સાત વર્ષ માટે સંયુક્ત ચેરીટી કમિશનર કચેરી વડોદરા વિભાગના સંયુક્ત ચેરીટી કમિશનર દ્વારા વિધિવત રીતે કરવામાં આવી હતી. જેમાં મહાકાલી માતાજીના મંદિર ટ્રસ્ટની સાત વર્ષની અવધિ પૂરી થતાં આગામી વધુ સાત વર્ષના કાર્યકાળ માટે પ્રમુખ તરીકે અમદાવાદના કાકાના હુલામણા નામથી જાણીતા સુરેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ કાકાની વરણી કરી ફરી એકવાર તેઓને પ્રમુખપદનો તાજ સોંપવામાં આવ્યો હતો જ્યારે સેંક્રેટરી તરીકે અમદાવાદના અશોકભાઈ સુશીલચંદ્ર પંડ્યાની જ્યારે ટ્રસ્ટીમંડળમાં અમદાવાદના નિખિલભાઈ ચંદ્રકાંત ભટ્ટ સદસ્ય તરીકે પાવાગઢના સ્થાનિક એડવોકેટ વિનોદભાઈ રામાભાઈ વરિયા, હાલોલના પારસભાઈ અરૂણચંદ્ર જોષી, અને વિજયભાઈ કાંશીરામ જ્યારે મંદિરના પૂજારી આચાર્ય પ્રતિનિધિ તરીકે જીગ્નેશ વ્યોમચંદ્ર ભટ્ટજી અને સુધાંશુ પ્રવીણભાઈ ભટ્ટજી તેમજ દાતા સભ્ય તરીકે ચિંતનકુમાર બાબુલાલ પુરોહિત, પટેલ પરેશકુમાર કિસ્મતરાય અને ચાવડા ગોરધનભાઈ શંકરનભાઈની નિમણૂંક કરતા પ્રમુખ, સેંક્રેટરી સહિત ટ્રસ્ટીમંડળના લોકોને સૌ કોઈએ શુભેચ્છાઓ પાઠવી હતી. જ્યારે ટ્રસ્ટી મંડળમાં નવા વરાયેલા પ્રમુખ સેંક્રેટરી સહિત સદસ્યોએ નવીન નિમણૂક પામ્યા બાદ પોતાની પ્રથમ બેઠક યોજી હતી અને આગામી ૧૮મી જૂને યાત્રાધામ પાવાગઢ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી પધારવાના હોઈ આ બાબતે આગોતરા આયોજનની તૈયારીઓના ભાગરૂપે તેમ જ વ્યવસ્થા સહિતની તમામ તૈયારીઓને લઈને ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.


તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

